રે. દિ. મુ. નં. ૩૫/૨૦૨૧

## વાદી તર્ફેની આંક-૦૫ ની અરજી હેઠળ હુકમ

(૧) સદર કામનાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાહેરાત તથા મનાઇ હુકમ મેળવવા માટે કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, પ્રતિવાદી નં. ૩ તથા ૪ નાઓએ તા.: ૩૧/૦૫/૨૦૨૧ નાં રોજ વાદીને આપેલ નોટીશ બીન અમલીય, શુધ્ધ બુધ્ધી પૂર્વક રહિતની ગેરકાયદેસરની હોય રદ બાતલ ઠરાવી આપવા, દાવાવાળી જગ્યામાં વાદીઓનાં કબજા ભોગવટામાં પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓને વાદીની જગ્યા તરફ આવેલ પ્રતિવાદીની દિવાલમાં બારી, દરવાજો, ડેલી ચાલ મુકવાો તથા નવા રસ્તાનો હકક ઉભો કરવાનો કોઇ હકક અધિકાર નથી તેવું ઠરાવી આપવા, વાદીનાં કબજા ભોગવટામાં આવેલ જગ્યામાં પ્રતિવાદીઓ જાતે કે તેમનાં નોકર, ચાકર કે એજન્ટો મારફત વાદીનાં કબજા ભોગવટામાં હરકત અડચણ કરે કે કરાવે નહી કે પ્રવેશ કરે કે કરાવે નહી તેવો કાયમી મનાઇ હુકમ મેળવવા તથા દાવાવાળી જગ્યા વાદીઓનાં સતત કબજા ભોગવટામાં હોય અને એડવર્સ પઝેશનની રૂએ વાદીનો કબજો સાબિત માની વાદીઓને કબજેદાર ઠરાવી આપવાની દાદ માંગેલ છે. વાદીઓએ દાવા સાથે હાલની અરજી લાવી આંક-૫ થી માંગણી કરેલ છે કે, દાવાવાળી જગ્યામાં વાદીઓનો કબજો ભોગવટો આવેલ હોય જે કબજા ભોગવટામાં પ્રતિવાદીઓને કોઇ જ રીતે હસ્તક્ષેપ કરવા, ડીમોલેશન કરવા, રસ્તો કાઢવા હકક અધિકાર ન હોય જેથી પ્રતિવાદીઓ જાતે કે એજન્ટો મારફતે વાદીનાં કબજા ભોગવટામાં આવેલ જગ્યામાં પ્રવેશ કરે નહી કે હરકત અડચણ કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઇ હુકમ મેળવવા તથા દાવાનાં આખરી નિકાલ સુધી દાવાવાળી જગ્યાની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાની દાદની માંગણી કરેલ છે.

(૨) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ દાવા અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને બાપ દાદાની વખતથી ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વાદીઓ કલ્યાણપુર તાલુકાનાં રાણ ગામે ગામતળ વિસ્તારમાં બાપ દાદાનાં વખતથી રહે છે અને તે રીતે તેઓનાં કબજા

ભોગવટાની રહેણાંક હેતુવાળી જગ્યા રાણ ગામે આવેલ હોય જે જગ્યામાં વાદી સાંભરણથી રહે છે અને જેનો પંચાયતનો આકાર વેરો વાદીઓ ભરે છે. દાવાવાળી જગ્યા આશરે ૧૫,૮૭૩ ચોરસ ફુટ, જેના ચો.મી. ૧૪૭૪-૬૪ વાળી જગ્યામાં પાકા મકાન રૂમ-૨, ઓકઢારીયુ-૨, રસોડું-૧, સંડાશ-૧, ફળીયામાં બોર-૧ તથા ઓસરી ઉતાર ફળીયુ જેમાં આંબલીનું વૃક્ષ આવેલ છે. જેની ઉત્તરે પેથાભાઇ વિરજીભાઇ સોનગરાની રહેણાંક પ્લોટ આવેલ છે. દક્ષિણે પ્રતિવાદી નં. ૧ ધના જેરામ તથા અજીબેન સામજીની રહેણાંક કબજાવાળી જગ્યા આવેલ છે. પૂર્વે જાહેર રસ્તો જે રસ્તામાં વાદીનો મેઇન ગેટ આવેલ છે. પશ્ચિમે માવા વેલાભાઇ રાઠોડની માલિકીની ખેતીની જમીન આવેલ છે. જે દાવાવાળી જગ્યામાં આશરે ૫૦ વર્ષ ઉપરાંતથી વાદીનો કબજો ભોગવટો આવેલ છે. પ્રતિવાદીઓની જગ્યા વાદીની જગ્યાની દક્ષિણ બાજુ આવેલ છે. તે જગ્યામાં પ્રતિવાદીઓ રહે છે. પ્રતિવાદી નં. ૧ ને આવવા જવા માટે પૂર્વ તરફ જાહેર રસ્તો આવેલ છે તે રસ્તા ઉપર ગેઇટ મુકેલો છે. જયારે પ્રતિવાદી નં. ૨ નાઓ તેની રહેણાંકની જગ્યાની દક્ષિણ તરફ આવેલ તેમનાં ભાઇઓ રણમલ જેરામ તથા કાના જેરામનાં ફળીયામાંથી હાલવા ચાલવાનો રસ્તો આવેલ છે તે રસ્તો દક્ષિણ તરફ જાહેર રસ્તાને અડે છે. તે રીતે પ્રતિવાદીઓનો રસ્તો વર્ષોથી આવેલ છે. વાદીઓની જગ્યાની દક્ષિણ તરફ પ્રતિવાદીઓની જગ્યા આવેલ હોય તે વચ્ચે પથ્થરથી પાકી દિવાલ આવેલ છે અને દિવાલ છોડીને પ્રતિવાદીઓનાં રહેણાંક મકાનો તથા ફળીયુ વગેરે આવેલ છે. વાદીઓ તથા પ્રતિવાદીઓની જગ્યાની વચ્ચે આવેલ દિવાલમાં કોઇ પ્રતિવાદીઓ દ્વારા દરવાજા, ડેલી મુકેલ નથી. પ્રતિવાદી નં. ૩ રાણ-લીબડી ગ્રામ પંચાયતનાં સરપંચ છે અને પ્રતિવાદી નં. ૪ તલાટી કમ મંત્રીશ્રી છે. જેથી તેઓને ગ્રામ પંચાયતનાં હોદ્દેદાર તરીકે વહીવટદાર તરીકે પક્ષકાર તરીકે જોડેલ છે. પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩, ૪ ને રસ્તા સંબંધે અરજ અહેવાલ કરતા પ્રતિવાદી નં. ૩ અને ૪ દ્વારા તેઓની રીતે વાદીઓને કોઇ પણ જાતની જાણ કર્યા વગર સ્થળ તપાસ કરેલ અને જે સંબંધે તા. ૩૧/૦૫/૨૦૨૧ નાં રોજ નોટીસ આપેલ. સદરહુ નોટીશમાં દિવસ-૭ માં વાદીની રહેણાંક જગ્યાનું બાંધકામ દુર કરવા જણાવેલ. જેથી વાદીઓએ તા. ૨૧/૦૬/૨૦૨૧ નાં રોજ સદરહુ નોટીશનો જવાબ

આપેલ. જે અનુસંધાને પ્રતિવાદી નં. ૩ અને ૪ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે જવાબ સંબંધેનું કોઇ રેકર્ડ પ્રતિવાદીઓ દ્વારા વાદીને પુરૂ પાડવામાં આવેલ નથી. જેથી પ્રતિવાદી નં. ૪ ને સંબંધીને વાદી નં. ૨ નાએ માહિતી અધિકાર નિયમ હેઠળ તા.: ૨૨/૧૨/૨૦૨૦ નાં રોજ અરજી કરી પ્રતિવાદી નં. ૧, ૨ નાઓને તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ સનદ નં. ૨૩૪૫ તથા ૨૪૫૪ નું રેકર્ડ માંગેલ હોય જે રેકર્ડ તથા રાણ લીંબડી ગ્રામ પંચાયત દ્વારા નરેગા યોજના હેઠળ કરવામાં આવેલ કામ સંબંધે માહિતી માંગતા પ્રતિવાદી નં. ૪ નાઓએ માહિતી ન આપતા અને તેઓ દ્વારા તા. : ૧૨/૦૧/૨૦૨૧ નાં રોજનાં પત્રથી જાણ કરવામાં આવેલ કે સદરહુ માહિતી ત્રાહિત પક્ષકાર લગત હોય જે માહિતી કાર્યવાહી પૂર્ણ થયેથી જાણ કરવામાં આવશે તેઓ પત્ર વાદીને મોકલેલ. જેથી વાદી નં. ૨ નાઓએ તાલુકા વિકાસ અધિકારી કલ્યાણપુર સમક્ષ આર. ટી. આઇ. અપીલ દાખલ કરેલ જે સંબંધ અરજી મંજુર કરી પ્રતિવાદી નં. ૪ નાઓને દિવસ-૭ માં માહિતી પુરી પાડવા જણાવેલ. જે આદેશ બાદ પ્રતિવાદી નં. ૪ નાઓએ વાદીને માત્ર ગામ નમુના નં. ૨ ની નકલો આપવામાં આવેલ અને પ્રતિવાદી દ્વારા પુરી માહિતી આપેલ નહી. જેથી વાદીએ ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર સમક્ષ બીજી અપીલ ઓનલાઇન કરેલી. જે અપીલ હાલ પેન્ડીંગ છે. આમ, આ કામનાં પ્રતિવાદીઓ એક બીજા સાથે ભળી જઇ અને ગેરકાયદેસર કાર્યવાહી વાદીઓ સામે કરતા અને વાદીને નોટીસ આપતા વાદીઓએ તેનો જવાબ આપેલ હોવા છતા આગળ કોઇ કાર્યવાહી કરી રહેલ નથી અને ખોટી રીતે વાદીઓ સામે કાર્યવાહી કરવાની કોષીસ કરી રહેલ હોય અને વાદીની રહેણાંક જગ્યામાં રસ્તાનો નવો હકક ઉભો કરી રહેલ હોય જેથી વાદીને હાલનો દાવો લાવવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આ કામનાં પ્રતિવાદી નં. ૧, ૨ વાળા દ્વારા તમની રહેણાંક જગ્યાની ખોટી સનદ બનાવેલ હોય અને તે કારણે પ્રતિવાદી નં. ૩, ૪ વાળા સનદ સંબંધેનાં કોઇ દસ્તાવેજોની માહિતી આપતા ન હોય અને એક બીજાની મદદગારી કરી ખોટા દસ્તાવેજોની હકીકતો છુપાવી રહેલ છે તે તમામ અસલ દસ્તાવેજો પ્રતિવાદી નામદાર કોર્ટમાં રજુ કરે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં. ૧, ૨ વાળાઓને કાયદેસર રીતે પ્લોટ મળેલ હોય તો

તે સંબંધેનાં હુકમ અને સનદ તથા કબજા પાવતી વિગેરે દસ્તાવેજો જાહેર દસ્તાવેજો ગણાય છે જેની માંગણી કરવા છતા પ્રતિવાદી નં. ૩, ૪ વાળા ખોટા બોગસ દસ્તાવેજોની હકીકત છુપાવી રહેલ છે અને પ્લોટ પ્રકરણ સંબંધેનું રેકર્ડ કાયદેસર રીતે નિભાવવાનું હોવા છતા નિભાવેલ નથી અને વાદીઓને ખોટી નોટીશ આપેલ છે, જે કૃત્ય તદ્દન ગેરકાયદેસર હોય જેથી પ્રતિવાદીની નોટીશ ગેરકાયદેસર ઠરાવવા અરજ કરેલ છે. પ્રતિવાદી નં. ૧, ૨ વાળાનો વાદીઓની જગ્યામાં હાલવા ચાલવાનો કોઇ રસ્તો આવેલ નથી કે વાદીઓની જગ્યામાં પ્રવેશ કરવા કોઇ ગેઇટ / ડેલી મુકેલ નથી. અને હવે પ્રતિવાદી નં. ૧, ૨ નાઓને વાદીની જગ્યા તરફ આવેલ પ્રતિવાદીની દિવાલમાં નવો દરવાજો, ડેલી મુકી વાદીનાં ફળીયામાંથી નવો રસ્તો ઉભો કરવા પ્રતિવાદીઓ તજવીજ કરતા હોય અને જેને લીધે પ્રતિવાદી નં. ૩, ૪ વાળાને ખોટી રજુઆત કરતા હોય, ખોટી નોટીશ આપી વાદીઓને હેરાન પરેશાન કરી રહેલ હોય અને વાદીઓની જગ્યામાં પ્રતિવાદી નં. ૧, ૨ નાઓ નવો હકક ઉત્પન્ન કરવાનાં ઇરાદાથી તા.: ૩૧/૦૫/૨૦૨૧ નાં રોજની પ્રતિવાદી નં. ૩, ૪ નાઓએ વાદીઓને નોટીશ આપેલ હોય, જે નોટીશ ગેરકાયદેસર રીતે અને કાયદેસરની પ્રક્રિયા વગર આપવામાં આવેલ હોય તે ગેરકાયદેસર ઠરાવવા અરજ કરી દાવા અરજી મુજબની દાદની માંગણી કરી વાદીઓને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.

(૩) વાદીઓનાં દાવા તથા હાલની અરજી અંગે પ્રતિવાદીઓને સમન્સ નોટીસ કરતા પ્રતિવાદીઓ તેઓનાં વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદી નં. ૧, ૨ નાઓએ આંક-૨૦ તથા ૨૧ થી થી વાદીની દાવા અરજી તથા હાલની અરજીનો જવાબ રજુ કરી વાદીની દાવા તથા મનાઇ અરજીમાંની હકીકતોનો ઇનકાર કરેલ છે અને એવું જણાવેલ છે કે, વાદીનાં દાવા પ્રમાણેની તકરાર રેવન્યુ રાહે લેવાની હોય તેમજ પ્રતિવાદી નં. ૪ સરકારી કર્મચારી હોય દાવો નામદાર કોર્ટમાં ચાલવા પાત્ર નથી. વધુમાં વાદીઓએ દાવાવાળી જગ્યાનાં માલિકી હકક દર્શાવતા કોઇ દસ્તાવેજો રજુ કરેલ નથી અને વાદી કઇ જગ્યાનાં માલિક છે અને કઇ જગ્યા તેમનાં કબજામાં છે તે હકીકતનું પણ સ્પષ્ટ

નિરૂપણ વાદીએ કરેલ નથી. વાદીએ પોતાની મિલકતની હદ દિશા પણ ખોટી બતાવેલ છે. વાદીઓ જે જગ્યામાં રહે છે અને પ્રતિવાદીઓની માલિકીની જે જગ્યા છે તે બંને વચ્ચે જાહેર રસ્તો આવેલ છે. પ્રતિવાદીઓની કબજા ભોગવટાની અને માલિકીની જગ્યાની ઉત્તર બાજુ ૨૦ ફુટનો રસ્તો (બજાર) એટલે કે પૂર્વ-પશ્ચિમ લંબાઇનો ૨૦ ફુટ પહોળાઇનો રસ્તો આવેલ છે. વાદીઓ જે જગ્યામાં રહે છે તેની માલિકીનાં કોઇ દસ્તાવેજો રજુ કરેલ નથી. અને ઉપરોકત જણાવ્યા મુજબના રસ્તાનું વાદીઓએ ગેરકાયદેસર દબાણ કરેલ હોય હાલનો ખોટો દાવો કરેલ છે. પ્રતિવાદીઓની સનદ પ્રમાણેની માલિકીની જગ્યા રાણ ગામે આવેલ છે અને વાદીઓ જે જગ્યામાં રહે છે તે જગ્યા વાદીઓને કેવી રીતે પ્રાપ્ત થયેલ છે તેવી કોઇ વિગત વાદીઓએ જણાવેલ નથી. પ્રતિવાદી નં. ૧ ની જગ્યાની પૂર્વ બાજુ અને ઉત્તર બાજુ રસ્તો આવેલ છે. પ્રતિવાદી નં. ૨ ની જમીનની ઉત્તર બાજુ રસ્તો આવેલ છે. પ્રતિવાદી નં. ૧ ની દક્ષિણ બાજુ કાના જેરામની જગ્યા આવેલ છે અને કાના જેરામની જગ્યાની પૂર્વ અને દક્ષિણ બાજુ રસ્તો આવેલ છે. પ્રતિવાદી નં. ૧ ની જમીનની દક્ષિણ બાજુ રણમલ જેરામની જગ્યા આવેલ છે. આ રણમલ જેરામની જગ્યાની દક્ષિણ બાજુ રસ્તો આવેલ છે. પ્રતિવાદી નં. ૧, ૨ તથા કાના જેરામ, રણમલ જેરામ ભાઇઓ થાય છે અને બધા ભાઇીઅ થતા હોય સગવડતા ખાતર એકબીજાનાં પ્લોટમાંથી અવર જવર કરે છે. વાદી અને પ્રતિવાદીની જગ્યા વચ્ચે પથ્થરની પાકી દિવાલ હોવાની હકીકત ખરી નથી. પ્રતિવાદીની જગ્યાની ઉત્તર બાજુ ૨૦ ફુટ પહોળાઇનો રસ્તો છે. આ કામનાં વાદીઓએ પ્રતિવાદીની જગ્યાની ઉત્તર બાજુ ૨૦ ફુટનો જાહેર રસ્તો આવેલ છે તે બંધ કરવા અને જગ્યાનું દબાણ કરવા કોશીષ કરતા પ્રતિવાદીઓએ તે અંગે જરૂરી અરજી કરેલ જે અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ અને વાદીઓ જમીન અને રસ્તાનું દબાણ કરી રસ્તો બંધ કરવા પ્રયત્નશીલ હોય તેથી હાલનો ખોટો દાવો કરેલ છે. વાદીઓનો કોઇ પણ પ્રકારે પ્રથમ દર્શનિય કેસ નથી. આ કામે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા પણ કોઇ કારણ નથી કારણ કે વાદી પોતે પ્રતિવાદીઓની જગ્યાની ઉત્તર બાજુ આવેલ રસ્તાનું દબાણ કરવા માંગે છે અને હાલનો દાવો લાવી મનાઇ હુકમની માંગણી કરી પોતાનાં અપકૃત્યમાં સફળ થવાનો

મલીન ઇરાદો ધરાવે છે. વાદી પોતે અપકૃત્ય કરવા માંગતા હોય તેથી હાલનાં કેસમાં વાદીને કોઇ પણ પ્રકારે નાણાંથી સુધરી શકે નહી તેવું કોઇ નુકશાન થાય તેમ નથી. ઉલટાનું જો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓ પોતાની મિલકત અન્વયે પોતાના હકકનો ઉપયોગ ઉપભોગ કરવાથી વંચીત રહી જાય તેમ છે. તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓની તરફેણમાં છે તે સંજોગોમાં વાદીઓની મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

પ્રતિવાદી નં. ૩ તથા ૪ તરફે આંક-૨૫ થી દાવા અરજી તથા મનાઇ અરજીનો સંયુકત જવાબ આપવામાં આવેલ છે અને વાદીની દાવા અરજીની મહદ અંશે તમામ હકીકતોનો ઇનકાર કરી એવું જણાવેલ છે કે, વાદીનું કોઈ ટાઇટલ જ ન હોય વાદીને દાવો લાવવાનો કોઇ હકક નથી. વાદી સરકારી જમીન ઉપર ગેરકાયદેસર કરેલ દબાણ પરોક્ષ રીતે નામદાર કોર્ટ મારફતે રેગ્યુરલાઇઝ કરાવવાનાં મલીન ઇરાદાથી હાલનો દાવો લાવેલ છે. વાદીએ રજુ રાખેલ વેરા પહોંચ માલિકીનો આધાર નથી. વાદી અન્ય માલિકીનુ મકાન પણ ધરાવે છે તેની વેરા પહોંચ હોય શકે છે અને વાદી તેમની માલિકીની જમીન હોવાનું જણાવતા પણ નથી. પ્રતિવાદી નં. ૧, ૨ મારફતે હાલનાં વાદી દ્વારા તેમને ધોરણસર સનદમાં જણાવ્યા મુજબનો રસ્તો બંધ કરેલ હોવા અંગે વારંવાર રજુઆત અરજીઓ કરેલ. જેનાં અનુસંધાને નાયબ જીલ્લા વિકાસ અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીનાં યોગ્ય કાર્યવાહી કરવા પત્રો પણ આવેલ. જે અનુસંધાને બે તટસ્થ પંચોની હાજરીમાં સ્થળ સ્થિતિ અંગે રોજકામ કરી તે રોજકામ મુજબ દબાણ જણાય આવતુ હોય હાલનાં વાદીને નોટીશ આપેલ. હાલનાં વાદીનો જવાબ મળ્યા બાદ હાલનાં પ્રતિવાદીઓની સનદનાં પ્રકરણનાં કોઇ દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તાલુકા વિકાસ અધિકારીને તે અંગે પત્ર લખેલ. હાલનાં વાદીને તેઓ પાસે ઉપલબ્ધ તમામ રેકર્ડ પુરૂ પાડેલ છે. હજી સુધી દબાણ દુર કરવાની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ, વાદીએ ખોટી હકીકતો જણાવી હાલનો દાવો તથા મનાઇ અરજી કરેલ હોય તે રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદી પક્ષે હાલનાં કામે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં. ૩, ૪ નાઓએ આપેલ તા.: ૩૧/૦૫/૨૦૨૧ ની નોટીશની ખરી નકલ | માર્ક ૩/૧ |
| ૨. | વાદીએ કરેલ માહિતી અધિકારની અરજીની નકલ | માર્ક ૩/૨ |
| ૩. | પ્રતિવાદી નં. ૪ નાએ આપેલ પત્ર નં. ૧૫૮૩/૧ ની ખરી નકલ | માર્ક ૩/૩ |
| ૪. | વાદી નં. ૨ નાઓએ કરેલ પ્રથમ અપીલની ઓફીશ કોપી | માર્ક ૩/૪ |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, કલ્યાણપુરનાઓએ આપેલ વાદી તથા પ્રતિવાદીઓને સુનાવણી સંબંધેની નોટીસની ખરી નકલ | માર્ક ૩/૫ |
| ૬ | અપીલ સંબંધે અપીલ અધિકારીએ કરેલ હુકમની ખરી નકલ | માર્ક ૩/૬ |
| ૭ | હુકમ સંબંધે પ્રતિવાદી નં. ૪ વાળાએ લખેલ પત્ર તથા ગામ નમુના નં. ૨ ની ખરી નકલ | માર્ક ૩/૭ |
| ૮ | પ્રતિવાદી નં. ૩, ૪ ની નોટીશ સંબંધે વાદીઓએ આપેલ વાંધા જવાબની ફોટો કોપી નકલ | માર્ક ૩/૮ |
| ૯ | પ્રતિવાદી નં. ૪ વાળાને માહિતી સંબંધે કરેલ અરજી | માર્ક ૩/૯ |
| ૧૦ | ગુજરાત માહિતી આયોગ-ગાંધીનગરને કરેલ ઓનલાઇન અપીલ અરજી | માર્ક ૩/૧૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | દાવાવાળી જગ્યા સંબંધેની ઘર વેરા પહોંચ | માર્ક ૩/૧૧ |

(૫) પ્રતિવાદી નં. ૧, ૨ તરફે હાલનાં કામે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં. ૧ ની તાલુકા વિકાસ અધિકારી સાહેબનાં હુકમ નં. કતાપ-રેવ-વશી-૨૩૫૪ તા.: ૨૦/૧૦/ ૨૦૧૪ નાં હુકમથી તૈયાર થયેલ સનદની ઝેરોક્ષ | માર્ક ૨૨/૧ |
| ૨. | પ્રતિવાદી નં. ૧ નાં ગામતળની જમીનનાં પ્લોટ અંગે ગામતળ રજીસ્ટર નં. ૨૩૫૪/૨૦૧૫ નો કાર્યલય આદેશની ઝેરોક્ષ નકલ | માર્ક ૨૨/૨ |
| ૩. | ગામ નમુના નં. ૨ નાં અનુ. નં. ૩૨૫ ની ઝેરોક્ષ | માર્ક ૨૨/૩ |
| ૪. | પ્રતિવાદી નં. ૧ નાએ પોતાની જગ્યાનો વેરો ભરેલ તે પહોંચની ઝેરોક્ષ | માર્ક ૨૨/૪ |
| ૫. | પ્રતિવાદી નં. ૨ ની તાલુકા વિકાસ અધિકારી સાહેબનાં હુકમ નં. કતપ-રેવ-વશી-૨૩૪૫ તા.: ૨૦/૧૦/ ૨૦૧૪ નાં હુકમથી તૈયાર થયેલ સનદની ઝેરોક્ષ | માર્ક ૨૨/૫ |
| ૬. | પ્રતિવાદી નં. ૨ નાં ગામતળની જમીનનાં પ્લોટ અંગે ગામતળ રજીસ્ટર નં. ૨૩૫૪/૨૦૧૪-૨૦૧૫ નો કાર્યાલય આદેશની ક્ષેરોક્ષ નકલ | માર્ક ૨૨/૬ |
| ૭. | ગામ નમુના નં. ૨ નાં અનુ. નં. ૩૨૭ ની ઝેરોક્ષ | માર્ક ૨૨/૭ |
| ૮. | પ્રતિવાદી નં. ૧ નાએ પોતાની જગ્યાનો વેરો ભરેલ તે | માર્ક ૨૨/૮ |

| | | |
|---|---|---|
| | પહોંચની ઝેરોક્ષ | |

પ્રતિવાદી નં. ૩ તથા ૪ તરફે નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | માર્ક |
|---|---|---|
| ૧. | ધનાભાઇએ તલાટી કમ મંત્રીને કરેલ અરજીની નકલ | માર્ક ૨૬/૧ |
| ૨. | અજીબેને તલાટી કમ મંત્રીને કરેલ અરજીની નકલ | માર્ક ૨૬/૨ |
| ૩. | અરજદારે રજુ કરેલ ગામ નમુના નં. ૨ ની નકલ | માર્ક ૨૬/૩ |
| ૪. | તાલુકા વિકાસ અધિકારીએ ત.ક.મ. રાણને લખેલ પત્રાની નકલ | માર્ક ૨૬/૪ |
| ૫. | ના.જી.વિ.અ.એ તા.વિ.અ.ને લખેલ પત્રા | માર્ક ૨૬/૫ |
| ૬. | માધાભાઇએ જીલ્લા વિકાસ અધિકારીને લખેલ પત્રાની નકલ | માર્ક ૨૬/૬ |
| ૭. | અરજી સાથે રજુ કરેલ ગામ નમુના નં. ૨ ની નકલ | માર્ક ૨૬/૭ |
| ૮. | ત.ક.મ.એ તાલુકા વિકાસ અધિકારીને લખેલ પત્રાની નકલ | માર્ક ૨૬/૮ |
| ૯. | ત.ક.મ. તથા સરપંચે તાલુકા વિકાસ અધિકારીને લખેલ પત્રાની નકલ | માર્ક ૨૬/૯ |
| ૧૦. | રાણ ગ્રામ પંચાયતે આપેલ નોટીશની નકલ | માર્ક ૨૬/૧૦ |
| ૧૧. | સામજી અને જેઠાભાઇએ આપેલ નોટીસનો જવાબ | માર્ક ૨૬/૧૧ |
| ૧૨. | સામજી માધાને રજી. એડી કરતા મળેલ પાવતીની નકલ | માર્ક ૨૬/૧૨ |

| | | |
|---|---|---|
| ૧૩. | સામજી માધાએ જા.મા.અધિ. હેઠળ કરેલ અરજીની નકલ | માર્ક ૨૬/૧૩ |
| ૧૪. | તાલુકા પંચાયત કચેરી તરફથી અપીલ સબબ મળેલ નોટીશની નકલ | માર્ક ૨૬/૧૪ |
| ૧૫. | તાલુકા પંચાયત કચેરી તરફથી અપીલ સબબ મળેલ નોટીસ નકલ | માર્ક ૨૬/૧૫ |
| ૧૬. | ધના જેરામનાં પત્રાની નકલ | માર્ક ૨૬/૧૬ |
| ૧૭. | શામજી માધાને આપેલ માહિતીની નકલ | માર્ક ૨૬/૧૭ |
| ૧૮. | ધના જેરામ તથા અજીબેન શામજીને લખેલ પત્રાની નકલ | માર્ક ૨૬/૧૮ |
| ૧૯. | શામજી માધાને આપેલ માહિતીનાં પત્રાની નકલ | માર્ક ૨૬/૧૯ |

(૬) વાદીઓ તર્ફે તેઓનાં વિ.વ.શ્રી. બી. બી. નકુમે દલીલો કરી જણાવેલ છે કે, પ્રતિવાદીઓની માલિકીની ઉત્તર દિશામાં વાદીઓનાં મકાનો આવેલ છે અને વચ્ચે દિવાલ આવેલ છે અને તે જગ્યામાં પ્રતિવાદીઓને કોઇ અવર જવરનો રસ્તો ન હોવા છતા ખોટી રીતે હકક ઉભો કરી ખોટી અરજીઓ કરેલ હોય અને તેનાં અનુસંધાને પ્રતિવાદી નં. ૩ તથા ૪ નાએ ખોટી નોટીશ આપેલ હોય અને જો નોટીસનો અમલ થાય તો વાદીઓ ઘર વિહોણા થઇ જાય તેમ હોય દાવો ચાલતા સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવી જરૂરી હોય હાલની મનાઇ અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. પ્રતિવાદી નં. ૧ તથા ૨ તરફે તેઓનાં વિ.વ.શ્રી એચ. કે. બામરોટીયાએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, વાદીઓએ દબાણ કરેલ હોવાથી પ્રતિવાદી નં. ૩ અને ૪ નાઓએ નોટીસ આપેલ હતી. વાદીઓઅ પોતાની દાવા અરજીમાં તેઓનાં કબજા ભોગવટામાં જમીન આવેલ હોવાનું જણાવે છે પરંતુ તેઓ માલિક છે તેવી કોઇ વિગત જણાવતા નથી કે આ જમીન તેઓનાં કબજા ભોગવટામાં

કેવી રીતે આવેલ છે તેવી પણ કોઇ વિગત જણાવેલ નથી કે તે બાબતે કોઇ આધાર પુરાવા પણ રજુ રાખેલ નથી. વાદીનો કોઇ કાયદેસર કબજો નથી પરંતુ ટ્રેસપાસર છે અને વાદીઓ જે એડવર્સ પઝેશન બાબતે જણાવે છે તે ડીફેન્સ કરી શકાય. પ્રતિવાદી નં. ૧ તથા ૨ ની સનદ રજુ રાખેલ છે અને કોર્ટ કમીશનરનાં નકશા મુજબ પણ ઉત્તર બાજુ રસ્તો જણાય આવે છે અને વાદીઓએ જે વેરા પહોંચ રજુ રાખેલ છે તેમાં ઘર નંબર જુદા જુદા દર્શાવેલ છે. આમ, વાદીઓ ખોટી રીતે સરકારી જગ્યા ઉપર દબાણ કરી ખોટા હકક ઉભા કરવા હાલનો દાવો લાવી ખોટી મનાઇ અરજી કરેલ હોય તે રદ કરવા અરજ ગુજારેલ છે. પ્રતિવાદી નં. ૩ તથા ૪ તરફે પોકાર કરવા છતા કોઇ હાજર ન હોય કે મુદ્દત અરજી રજુ રાખેલ ન હોય તેઓ તરફે હાલની અરજીની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષનિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લેતા હાલની અરજીનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

૧. શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે, વાદીની તરફેણમાં મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જાય તેમ છે?

૪. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા ન્યાયિક નિર્ણય અંગેનાં કારણોની ચર્ચા નીચે મુજબ કરેલ છે.

## -:: કા ર ણો ::-

**મુદ્દા નં. ૧ થી ૩ :-**

(૧૦) ઉપરોકત મુદ્દા નં ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરોકિત ટાળવા તેઓની ચર્ચા એક સાથે કરેલ છે.

દરમિયાન મનાઇ હુકમ એ એક સમન્યાય દાદ છે અને તેવી દાદ મેળવવા માટે વાદીએ એ બતાવવુ જોઇએ કે, પોતાનો પ્રથમ દર્શનિય કેસ છે. મનાઇ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા સિવાય સ્વચ્છ હાથે આવવુ જોઇએ. આમ, સદરહુ સિધ્ધાંત નજર સમક્ષ રાખી હાલની અરજી તે પરિપ્રક્ષ્યમાં કેટલા અંશે આવશે તે જોઇશું.

અત્રે એ નોંધવુ જરૂરી છે કે આ તબકકે આ કોર્ટ દ્રારા માત્ર દાવા દરમિયાન કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઇ રહયા છીએ ત્યારે, નામદાર સર્વોચ્ચ અદાલતે **Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Appli. No.2968 of 2012** નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમિયાન મનાઇ હુકમ અંગેની અરજી મુખ્યત્વે ત્રાણ મુદ્દાઓ પ્રથમ દર્શનિય કેસ, નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન અને સગવડતા અગવડતાનું પલડુ ઉપર નિર્ણિત કરવાની હોય છે. આ ત્રાણ મર્યાદિત મુદ્દાઓ કોર્ટે આ અરજીનાં નિર્ણય માટે ચકાસવાનાં રહે છે.

(૧૧) હવે દાવો લાવનાર વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે કે કેમ તે ચકાસ્યે તો, વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી જમીન તેઓનાં કબજા ભોગવટામાં આવેલ છે

અને તેમાં તેઓનાં પાકા મકાન તથા એકઢારીયુ તથા સંડાશ બાથરૂમ તથા ફળીયામાં બોર તથા ઓશરી ઉતાર ફળીયુ આવેલ છે. અને પ્રતિવાદીઓ ખોટી રીતે વાદીઓ તથા પ્રતિવાદીઓની જગ્યા વચ્ચે રસ્તાનો હકક ઉભો કરવાનો પ્રયત્ન કરી રહેલ છે. જે બાબતે સૌપ્રથમ એ હકીકત ધ્યાને લૈવી જરૂરી જણાય છે કે વાદીઓએ પોતાની દાવા અરજીમાં દાવાવાળી જગ્યા આશરે ૧૫,૮૭૩ ચોરસ ફુટ તેઓનાં કબજામાં આવેલ છે તેવી વિગત જણાવેલ છે પરંતુ તેઓ દાવાવાળી જગ્યાનાં માલિક છે તેવી કોઇ જ હકીકત પોતાનાં દાવા અરજીમાં જણાવેલ નથી કે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો પણ હાલનાં કામે રજુ રાખેલ નથી. વધુમાં વાદીઓનાં કબજામાં દાવાવાળી જગ્યા ચાલી આવેલ છે તો તે કયા આધારે અને કેવી રીતે ચાલી આવેલ છે તેવી પણ કોઇ વિગત વાદીઓ પોતાની દાવા અરજીમાં જણાવતા નથી કે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો પણ વાદીઓએ હાલનાં કામે રજુ રાખેલ નથી. વાદીઓ દાવા અરજીમાં પ્રતિવાદીઓનાં માલિકી હકક બાબતે તકરાર લઇ રહેલ છે પરંતુ તેઓને હાલની દાવાવાળી જગ્યા કેવી રીતે પ્રાપ્ત થયેલ છે તે દર્શાવતો કોઇ આધાર પુરાવો રજુ રાખેલ નથી કે દાવાવાળી મિલકત બાબતે કોઇ રેવન્યુ રેકર્ડ કે ગ્રામ પંચાયતનો રેકર્ડ પણ હાલનાં કામે રજુ રાખેલ નથી. વધુમાં વાદીઓ પોતાની દાવા અરજીમાં મકાન આવેલાની વિગત જણાવે છે અને તેઓ તેનાં વેરા ભરે છે તેવી વિગત પણ જણાવે છે પરંતુ વાદીઓ દ્રારા રજુ રાખેલ વેરા પહોંચોમાં ઘર નંબર જુદા જુદા દર્શાવવામાં આવેલ છે અને જે બાબતેની કોઇ જ વિગત વાદીઓએ પોતાની દાવા અરજીમાં પણ જણાવેલ નથી કે દાવા અરજીનાં શેડયુલ-અ માં પણ તેઓનાં ઘર નંબર જણાવેલ નથી. આમ, સૌપ્રથમ તો વાદીઓ દાવાવાળી જગ્યાનાં માલિક કે કબજેદાર છે તે દર્શાવતો કોઇ પ્રથમ દર્શનિય આધાર પુરાવો રજુ રાખવામાં  જ નિષ્ફળ ગયેલાનું જણાય આવે છે. આમ, જયારે વાદીઓ દાવાવાળી જગ્યાનાં માલિક કે કબજેદાર છે તે દર્શાવતો કોઇ પ્રથમ દર્શનિય આધાર પુરાવો રજુ રાકેલ ન હોય વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ છે તે હકીકત હાલનાં તબકકે માનવાપાત્ર જણાય આવતી નથી. વધુમાં આ કામે રજુ નિશાની ૨૨/૧ વાળી સનદ ધ્યાને લેતા તે પ્રતિવાદી નં. ૧ નાં નામની જણાય આવે છે અને તેમાં બે દિશાઓમાં ૨૦ ફુટનો બજાર જણાવેલ છે. તેવી જ રીતે નિશાની

૨૨/૫ વાળા દસ્તાવેજમાં પણ એક દિશામાં બજાર ૨૦ ફુટ દર્શાવેલ છે. તથા પ્રતિવાદીઓને આ જમીન કાયદેસર રીતે ફાળવવામાં આવેલ છે તે રજુ થયેલ દસ્તાવેજોથી પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. આમ, ઉપરોકત ચર્ચા કરેલ છે તથા વાદીઓ તરફેની રજુઆત તથા દાવા અરજી તથા રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા હાલનાં તબકકે વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું માનવુ સલામતીભર્યુ જણાય આવતુ નથી.

વધુમાં જયારે વાદી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, જો તેઓને મનાઇ હુકમ નહી આપવામાં આવે તો તેઓને નાણાંમાં ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જશે તે બાબતે જયારે વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ જ જણાય આવતો ન હોય અને વાદીઓ દાવાવાળી જગ્યાનાં માલિક અને કબજેદાર છે તે હકીકત જ રેકર્ડ ઉપર પ્રથમ દર્શનિય રીતે જણાય આવતી ન હોય અને તેવો કોઇ પ્રથમ દર્શનિય પુરાવો જ આ તબકકે રેકર્ડ ઉપર ન હોય અને વાદીઓની રજુઆત મુજબ વર્ષોથી દાવાવાળી જમીન તેઓનાં કબજા ભોગવટામાં આવેલ છે તેવો કોઇ આધાર પુરાવો રેકર્ડ ઉપર જણાય આવતો ન હોય સગવડતા અગવડતાનું પલડુ પણ વાદીઓની તરફેણમાં જણાય આવતુ નથી અને વાદીઓને મનાઇ હુકમ નહી આપવામાં આવે તો કોઇ નાણાકીય રીતે ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન જાય તેમ જણાય આવતુ નથી. જેથી તમામ હકીકતો ધ્યાને લેતા હાલનાં તબકકે વાદીની તરફેણમાં કોઇ પણ પ્રકારનો હુકમ કરવો સલામતીભર્યુ જણાય આવતુ નથી. જેથી વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું જણાય આવતુ ન હોય, સગવડતા તથા અગવડતાનું પલડું પણ વાદીની તરફેણમાં ન હોવાનું માનવામાં આવે છે અને જેથી વાદીને નાણાંમાં ન ભરપાઇ થઇ શકે તેવું નુકશાન જાય તેમ જણાય આવતુ ન હોય જેથી ઉપરોકત તમામ મુદ્દાઓનાં જવાબો નકારમાં આપવામાં આવે છે.

(૧૨) ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર કોઇ પણ મુદ્દો વાદીઓની તરફેણમાં ન હોવાનું માની હાલની અરજી પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

વાદીની હાલની આંક-૦૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આ હુકમ આજરોજ તા.: ૬ ઠી, માહે : ઓકટોબર, સને : ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. : ૦૬/૧૦/૨૦૨૩

કલ્યાણપુર.

(મોહમદસરફરાઝ એ. શેખ)

પ્રિન્સીપલ સીવીલ જજ, કલ્યાણપુર.

કોડ નં. જીજે૦૧૬૨૮